# આંસુ અવાજ નથી કરતા...

માનવી માત્ર દીર્ઘ અને ટટ્ટાર ઉગીને મોટા થયેલા વૃક્ષ જેવા થાય છે. પરંતુ ક્યારેક વાવાઝોડામાં વર્ષો જુના (સીનીયર) ઘટાદાર ઝાડને નુકશાન થતાં સ્હેજ નમી વધી જાય છે એમ છેલ્લે તેમનું સ્વાસ્થ્ય લથડતા જેમ ભવ્ય ઈમારતને ભુંકપનો આંચકો લાગે પણ જમીન દોસ્ત ન થતાં દિવાલો પર ફક્ત તિરાડ પડી જાય એવું શરૂઆતના દસ દિવસ મોટાભાઉની તબીયતમાં થયું. તેમને જસલોક હોસ્પીટલમાં સારવાર (ટ્રીટમેન્ટ) માટે દાખલ કર્યા હતા. સ્પેશ્યાલીસ્ટ ડૉક્ટર્સ, ટેકનીશીયનના અથાગ પ્રયત્નો અને અસંખ્ય લોકોની પ્રાર્થના છતાં આપણે કુદરતને જીતી શક્યા નહી અને મા.શ્રી મોટાભાઉ આજે આપણી પાસે નથી.



Last Meeting with My Family on Date 12-12-2015

મૃત્યુનો મહિમા અપરંપાર છે. જીવનને જન્મતા પહેલા રોકી શકાય છે. પણ મૃત્યુને રોકવાની દુનિયામાં કોઈની તાકાત નથી. મૃત્યુ નિર્માયુ હશે તો વિશ્વનો કોઈપણ નિષ્ણાંત ડૉક્ટર અટકાવી નહી શકે. એમ હોત તો ખુદ ડૉક્ટર કે એમના સ્વજનો મૃત્યુ પામત નહિ. ડૉક્ટર દર્દને લંબાવી શકે પણ જીવનને લંબાવવાની કોઈની તાકાત નથી. તે પુરવાર થયું છે. મૃત્યુ એ અટલ સત્ય છે. ઈશ્વરની ઈચ્છા બળવાન છે.

બહુ ઓછા જીવન એવા હોય છે કે જેમને ક્યારેય પાનખરનો અનુભવ થતો નથી. કુદરતને કારણે જ કાયમ વસંતનો વાસ હોય છે એવું નથી હોતુ. માનવી જો સાચા અર્થમાં સ્થિતપ્રજ્ઞની અવસ્થા પામી શકતો હોય તો જ પાનખર પ્રવેશી શકતી નથી.

જૈન ઈરીગેશનના સ્થાપક મા.શ્રી મોટાભાઉનું સમગ્ર જીવન જોઈએ તો એમ લાગે કે ભાઉની આ એવી વિશેષતા હતી કે જેમાં પાનખર પ્રવેશી જ ના શકે. મુળ રાજસ્થાનના પરંતુ કર્મભૂમિ બનાવી મહારાષ્ટ્રમાં અને વાકોદના વતની મોટાભાઉએ 78 વર્ષની વયે વિદાય લીધી. લગભગ સાત દાયકા જેટલો સમય કર્મભૂમિ બનાવી મહારાષ્ટ્રને અને મહારાષ્ટ્રમાં મહાન વ્યક્તિ તરીકે એમણે ખપાવી દીધો. સાત દાયકાનું તેમનું જીવન સાચા અર્થમાં એક તપસ્યારૂપ હતું. અનેક અગ્નિ પરિક્ષાઓમાંથી ઉર્ત્તીણ થયેલું, તપાયેલું જીવન હતું.

આટલા લાંબા જીવનમાં આવું વ્યક્તિત્વ એમણે વિકસાવ્યું હતું કે જેમાં પાણીના પ્રવાહની જેમ તેમ પ્રવેશી જાય. ક્યાંય કોઈને ખૂણો, ખાંચરો અટકી જાય કે અથડાઈ જાય એવું ક્યારેય બનતું નહી. એમની હાજરી વાતાવરણને હર્યું ભર્યું બનાવી દે. ઘણા વ્યકિતત્વો એવા હોય છે કે એમની ગેરહાજરીમાં પણ એમની સુવાસ આપણી આજુબાજુ અનુભવી શકીએ. પૂજ્ય મોટાભાઉ આજે નથી છતાં એમની અનુભુતિ થયા કરે. એમની ગેરહાજરી ક્યારેય ખાલીપણાનો અનુભવ ન કરવા દે.

પૂ.મોટાભાઉની વિદાયની સાથે કર્મક જીવનનો પર્યાય લુપ્ત થયો છે. મોટાભાઉની વિદાયથી કાલાતીત જીવનશૈલી, જેને કાળ આભડી નથી શકતો, એવી જીવન શૈલીનો યુગ આથમ્યો છે. દુનિયાની નજરમાં બહુ ન ચમકેલુ અને છતાંય ટમટમતા દીવા જેવું એક જીવન જીવીને છેલ્લે ક્ષણ સુધી તેઓ પ્રકાશ પાથરતા રહ્યાં.

78 વર્ષની ઉંમરે પણ યુવાનોને પ્રેરણા આપતા રહેતા, શરીર પાસે કામ લેવાની એમની ત્રેવડ એમને નિકટથી જોનારાઓને નવી પ્રેરણા આપનાર છે. તેવો મારો અનુભવ છે.

આપણે આપણું કર્મઠ વ્યક્તિત્વ ગુમાવ્યું છે. પણ એમનો કર્મદીપનો પ્રકાશપુંજ આપણને મોટાભાઉના ડ્રીમ ડેસ્ટીનેશન એવા જૈન ઈરીગેશન પરિવારને સુપરપાવર બનાવવા માટે સતત માર્ગદર્શન આપતો રહેશે.

સૂર્ય જાતે કશો હોંકારો કરતો નથી, પણ તેને જોતાની સાથે પંખીઓ, ઉડવા માડે છે. જગતના જાતજાતના તમામ વ્યવહારો ચાલુ થાય છે. સૂર્ય કેવળ હોય છે. તે હોય તેટલું જ પુરતું છે.

તેમણે ક્યારેય સફળતાને ભૌતિક બાબતોની સિધ્ધિ માપી ન હોતી. તેમની દૃષ્ટિએ ગરીબીનો સામનો જ્ઞાન અને પુરુષાર્થની સમૃદ્ધિ દ્વારા કરી શકાય છે. અને તેમણે તેની ક્ષિતિજોનો વિસ્તાર કર્યો છે. તેઓ હંમેશા કહેતા કે ગરીબી વાસ્તવવાદી હોય છે. ગરીબી ક્યારેય ભ્રમને પ્રોત્સાહિત કરતી નથી. વાસ્તવિકતા કે સંજોગો સામે પરાજિત થવાનો તેમનો સ્વભાવ ન હતો.

દરેક મહાજીવન એક પ્રિઝમ સમાન હોય છે. તેમાંથી આવતા પ્રકાશના કિરણો આપણને માર્ગ ચિંધે છે. તેમનો આદર્શવાદ વ્યવહારુ હતો કારણ કે તે વાસ્તવિકતાની ધરાતલ પર ઉભા હતા.

તેમનું ચારિત્ર્ય સમર્પણ અને પ્રેરણાદાયી વિઝન જીવનભર ઝળકતા રહ્યા છે. તેઓ અહંકારથી મુક્ત હતા. તેમના વિશે સૌથી ધ્યાનાકર્ષક બાબત એ હતી કે તેમનામાં બાળક જેવી પ્રમાણિકતા, કિશોર જેવી ઊર્જા અને પુખ્તવયની વ્યક્તિ જેવી પરિપક્વતાનું મિશ્રણ હતું.

તેમના વ્યક્તિત્વમાં આપણી સભ્યતાના ત્રણ મૂલ્યો જોવા મળતા હતા. સ્વયં પર અંકુશ, દાન અને દયા (અનુકંપા) જો કે મા.મોટાભાઉનું વ્યક્તિત્વ સાહસિકતાની અગ્નિથી કાર્યરત હતું.

તેઓ હંમેશા વૃક્ષને કવિતા તરીકે જોતા તથા પાણી, પવન અને સૂર્યને ઊર્જાનો સ્રોત માનતા હતા. આપણે ઘણીવાર લાલચને કારણે આપણે પોતાના જ પર્યાવરણને ભક્ષી જઈએ છીએ તેવું તેઓ માનતા હતા.

માનવજાતિ દઢતા, ક્ષમતા અને અપાર હિંમત થકી પોતાના જીવનને આકાર આપી શકે છે. તે તેમણે તેમના કાર્યો દ્વારા સિધ્ધ કરી બતાવ્યું છે. તેમણે જે કાર્યો કર્યા છે. તે એમના શરીર સાથે વિલિન થયા નથી અને થવાના પણ નથી.

વિચારોથી સમાજ અને જૈન ઈરીગેશનને એક નવી રાહ આપવા ક્રાંતિનું આહવાન કરતા હતા. એકબાજુ થી વિચારોનું નવીન આકાશ ઉભું કરે તો બીજી બાજુથી પરમાર્થ, પ્રવૃત્તિઓનું જીવનલક્ષી મેઘધનુષ સર્જતા હતા. ત્યારે તેમનો સેવા, સ્નેહ અને સદ્‌ગુણ ને માનવતાથી જોડવાનો પ્રયાસ રહ્યો છે.

પૂ.મોટાભાઉની અત્યંત કરૂણા, કર્મનિષ્ઠતા અને આધ્યાત્મિકતા ભરેલી જીવનયાત્રામાં ચંદનની સુવાસની જેમ સમાજ સેવા અને જૈન ઈરીગેશનની સુહાસ ફેલાવી મિલનસાર અને સાહજીક સ્વભાવથી દઢ મનોબળથી આપના કાર્યો અમારા માટે દીવા દાંડી સમાન બની રહેશે.

વિશાળ વ્યક્તિત્વને એથીય વધુ વિશાળ હૃદયને એ હૃદયમાંથી અસ્ખલિત વહેતી સેવાને રાષ્ટ્ર અને સમાજ પ્રત્યેની આપની નિષ્ઠા આવનારી કેટલીય પેઢીઓ સુધી સમસ્ત સમાજ, રાષ્ટ્ર અને જૈન ઈરીગેશન પરિવાર માટે પથદર્શક બની રહેશે.

વટવૃક્ષ સમા-વાત્સલ્યભર વ્યક્તિત્વની ખુશ્બુ, સાદગીભરી પરંતુ ઊંડી કોઠાસુઝ ધરાવતી

પ્રતિભાની મહેંક એવીને એવી તાજી છે. આપની દીર્ઘકાલીન કારકિર્દી સ્વયં એક દંતકથા છે..

આજકાત કરતા ત્રણ માસ પસાર થઈ ગયા પણ પૂ.મોટાભાઉની યાદ અને કલ્પના બંન્નેનો સમનવય થતો નથી. કારણ કે તેમના સ્વભાવમાં જ પ્રેમ અને આત્મીયતાનો સ્પર્શ હતો. તેમનું જન્મથી મૃત્યુ સુધીનું જીવન એ સબંધોનું સરોવર છે.

મારા કરતાં હજારો જૈન ઈરીગેશનના સહકારી (કર્મચારી) ભાઈઓને વધુ નિકટથી પરિચય, સંબંધ તેમજ સાથે કાર્ય કરવાનો લાભ મળ્યો હશે. પણ મારો પૂ.મોટાભાઉની સાથે બહુ ટુંકા સમયનો પરિચય અને સંબંધ રહ્યો છે. પણ તે સંબંધની નિકટતા અને તેની ગેહરાઈ (ઊંડાઈ) ને ખૂબ જડ મે અનુભવી છે. અને તેના સહભાગી થવાના ઘણા પ્રસંગો બન્યા છે. અમે દર વર્ષે એક વખત મારા પરિવાર સાથે રૂબરૂ મળતા હતા અને ઘણા બધા વિષયોમાં તેમના વિચારોની આપ-લે કરતાં હતા. મને તેમનો વાત્સલ્યભર પ્રેમ તેમજ માર્ગદર્શન મળતા હતા. આજે પૂ.મોટાભાઉના સંસ્મરણોની સરિતામાં સ્નાન કરીને મન પાવન થઈ જાય છે.

જીવનમાં ઘણીવાર મહાન વ્યક્તિની વિદાય વસમી બની જાય છે. આવા મારા સ્વજનના કાયમી વિયોગની વેદના તો અનુભવી જ જાણી શકે. મૃત્યુ અનિવાર્ય છે. એવું જાણીએ છીએ પરંતુ સ્વજનની હૂંફનો ખાલીપો કેમ કરીને પૂરાય? હે ભગવાન તારી સર્જન અને વિનાશની આ રમત સમજાતી નથી. પોતાના જ પગલાને શાને ભૂંસી નાખે છે?

જે ઉગે તે આથમે અને ખીલે તે કરમાય એ સનાતન સત્યને સથવારે હું એટલું જ કહી શકુ કે પરમ કૃપાળુ પરમાત્મા સદગતના આત્માને શાંતિ આપે અને મૃત્યુના અસૂર્ય લોકમાંથી અમને અને જૈન ઈરીગેશન પરિવારના સદસ્યોને બહાર કાઢી શાશ્વત જીવન પર દૃષ્ટિ માંડવાની જ્યાં કોઈ વિરછેદ નથી, કોઈ વિનાશ નથી એનું દર્શન કરવાનું બળ, પ્રકાશ અને પ્રજ્ઞા આપે એવી અભ્યર્થના...

મૃત્યુ માત્ર શરીરનું હોય છે, આત્માનું નહીં તેથી ફક્ત ઈશ્વરને પ્રાર્થના કરવાની કે હે ઈશ્વર! એક સુંદર પવિત્ર મહાન આત્મા તમારી પાસે આવ્યો છે તેને યોગ્ય સ્થાન આપશો જ... તું અમને રડાવે છે તેની ફરિયાદ કરતા નથી પણ રડવા માટે આંસુ તો આપ...

## આત્મીય પૂ.શ્રી મોટાભાઉ,

***Piller of Strength and Fountain of Wisdom For JISL***

ચલે ગયે હૈ આજ દૂર આપ હમસે, હમારે મન મેં જલ રહા હૈ દિયા આપકે સંદેશ કા
આપ ફીર સે લોટ આયે બીચ હમારે, યહી હમારી પૂજા કી આરાધના
આપ કે કર્મોકા આદર્શ બનાકે હમ, પૂરા કરેંગે વો જો અધુરા રહા,
શક્તિ બઢાકર આપ હમારી, મંઝીલ તક રાહ કા દિયા બનેંગે,
આપ સે પાયા હૈ હમને જીનેકા મતલબ, મતલબ વો સબકો સમજાયેંગે,
આશા બનકે નિરાશા સે લડેંગે, ધર્મ બનાયેંગે આપકે કર્મો કો
શ્રદ્ધાંજલી કુછ ઔર ક્યા દે હમ, બસ આપકે કર્મો કે દિયે કો બુઝને ન દેગે
વાદા કરતે હૈ હમ આપસે આપકે આદર્શો કા દિલ એક બનાયેંગે

**દીપક ગોર પરિવાર**
**ભાવનગર ડેપો.**
**જૈન ઈરીગેશન સિસ્ટમ્સ લી.**